## શિક્ષક યોગ્યતા (TET) / શિક્ષક અભિયોગ્યતા (TAT) કસોટી

# પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક (TET)પરીક્ષા અંગે માર્ગદર્શન :

### (1) ઉમેદવારીની યોગ્યતા:

પ્રાથમિક શિક્ષક વિદ્યાસહાયક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યા સહાયક માટે સરકાર ધ્વારા તા.27/04/2011 ના ઠરાવથી નક્કી કરેલ અને તેમાં વખતોવખત થતા સુધારાવધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવનાર ઉમેદવારજ આ પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટીમાં ઉપસ્થિત થઈ શકશે.

### (2) પરીક્ષાનું માળખું અને વિષયવસ્તુ :

- શિક્ષક યોગ્યતા અંગેની તમામ કસોટીઓ હેતુલક્ષી સ્વરૂપ (Multiple Choice Question Based MCQs) ની રહેશે.
- દરેક પ્રશ્ન 1ગુણનો રહેશે.
- મૂલ્યાંકનમાં કોઈ નકારાત્મક મૂલ્યાંકન (Negative Marking) રહેશે નહિ.
- ધોરણ 1થી 8 માં પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટે નીચે પ્રમાણેની અલગ–અલગ બે પરીક્ષાઓ યોજાશે.
- ધોરણ 1થી 5 માટે પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી–ii (Elementary Teacher Eligibility Test-I)
- ધોરણ 6 થી 8 માટે પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી–ii (Elementary Teacher Eligibility Test-II)

**ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (ધોરણ 6થી 8)**

વિભાગ–1 (75 પ્રશ્નો – 75 ગુણ)

(1) બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો (25 પ્રશ્નો – 25 ગુણ)

(Child Development & Pedagogy)

(2) ગુજરાતી ભાષા તથા અંગ્રેજી ભાષા (25 પ્રશ્નો – 25 ગુણ)

**(3)** સામાન્ય જ્ઞાન,વર્તમાન પ્રવાહોની જાણકારી (25 પ્રશ્નો – 25 ગુણ)

વિભાગ–2 (75 પ્રશ્નો – 75 ગુણ)

www.marugujarat.in

- ભાષા (ગુજરાતી, અંગ્રેજી,હિન્દી, સંસ્કૃત) અથવા
- સામાજિક વિજ્ઞાન (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર,અર્થશાસ્ત્ર વગેરે) અથવા
- ગણિત, વિજ્ઞાન.

**(3) શિક્ષક યોગ્યતા કસોટીમાં પસંદગી પામવાના ધોરણો :**

(અ) ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધોરણ 6થી 8) માટેના ઉમેદવારો વિભાગ–i અને વિભાગ – ii માં દરેકમાં ઓછામાં ઓછા 50 ટકા અને બંને મળી ઓછામાં ઓછા 60 ટકા મેળવેલ હશે તો જ ઉમેદવાર પાસ ગણાશે.

(બ) અનુસુચિત જાતિ/જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને વિકલાંગ ઉમેદવારના કિસ્સામાં શિક્ષક યોગ્યતા કસોટી 55 ટકા ગુણ મેળવી ઉત્તીર્ણ કરવાની રહેશે.

(ક) જિલ્લા પંચાયત અને નગર સમિતિ સંચાલિત ગ્રાન્ટેબલ અને નોન–ગ્રાન્ટેબલ ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોની પસંદગી માટે આ પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત રહેશે.

**(4) શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ :**

શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રોની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે, પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. ગમે તેટલા પ્રયત્નો આ કસોટી આપવા માટે માન્ય રહેશે. એક વખત શિક્ષક યોગ્યતા કસોટી આપી દીધા પછી કોઈપણ ઉમેદવાર પોતાના ગુણાત્મક સુધારણા અને સારા Merit માટે એક કરતા વધારે વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં છેલ્લી કસોટીના ગુણ પસંદગી માટે માન્ય ગણાશે. ઉમેદવાર ઈચ્છે તો પ્રાથમિક શિક્ષક કસોટી અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક કસોટી બંને આપી શકશે.

**(5)** દરેક સફળ ઉમેદવારને ગુણાંકન પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ ધ્વારા આપવામાં આવશે.

www.marugujarat.in

## માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક (TAT)( ધો.9 થી12)પરીક્ષા અંગે માર્ગદર્શન

**લઘુતમ લાયકાત :** નોંધાયેલી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા નીચેના વિષયો પૈકી કોઈ એક વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતા હોય તેવા ઉમેદવારો ઉચ્ચતર માધ્યમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે અરજી કરી શકશે.

| ક્રમ | વિષય | સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષય | ક્રમ | વિષય | સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષય |
|---|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | અંગ્રેજી | ૧૧ | અર્થશાસ્ત્ર | અર્થશાસ્ત્ર |
| ૨ | ગુજરાતી | ગુજરાતી | ૧૨ | આકડાશાસ્ત્ર | આકડાશાસ્ત્ર |
| ૩ | સંસ્કૃત | સંસ્કૃત | ૧૩ | ભૂગોળ | ભૂગોળ |
| ૪ | હિન્દી | હિન્દી | ૧૪ | સમાજશાસ્ત્ર | સમાંજશાસ્ત્ર |
| ૫ | ગણિત | ગણિત | ૧૫ | તત્વજ્ઞાન | તત્વજ્ઞાન |
| ૬ | જીવ વિજ્ઞાન | જીવવિજ્ઞાન ,વનસ્પતિશાસ્ત્ર ,પ્રાણીશાસ્ત્ર ,શુક્ષ્મજીવ શાસ્ત્ર (માઈક્રોબાયોલોજી) | ૧૬ | શારીરિક શિક્ષણ | ઉ.મા.શાળામાં શીખવાડવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં અનુસ્નાતક સાથે ડી.પી.એડ,બી.પી.એડ, અથવા તેને સમકક્ષ લાયકાત B.P.E. વ્યાયામ વિષયમાં સ્નાકત (ત્રણથી ચાર વર્ષનો ડીગ્રી કોર્ષ ) અને MPE વ્યાયામ વિષયનો અનુસ્નાતક. |
| ૭ | રસાયણશાસ્ત્ર | રસાયણશાસ્ત્ર | | | |
| ૮ | ભૌતિકશાસ્ત્ર | ભૌતિકશાસ્ત્ર | | | |
| ૯ | નામાના મૂળતત્વો | M.COM | | | |
| ૧૦ | મનોવિજ્ઞાન | મનોવિજ્ઞાન | | | |

www.marugujarat.in

# શિક્ષણ અભીયોગીતા કશોટીનું સૂચિત માળખું

## પ્રશ્નપત્ર- ૧ કુલ ગુણ – ૧૫૦

૧. સામાન્ય જ્ઞાન :

બંધારણ ની મૂળભૂત ફરજો (Fundamental Duties – Article – 51 (A) • ગુજરાતી સાહિત્ય • રાજનીતિ અને શાશાન્તંત્ર (રાજ્ય અને દેશ) • પ્રવાહો અને માળખું • વિજ્ઞાન અને ટેકનોલોજી • ખેલકૂદ અને રમતો • મહાન વિભૂતિઓ (દેશ) • સંગીત અને કળા • ભારતનો ઈતિહાસ • ભારતની ભૂગોળ • વર્તમાન પ્રવાહો

૨. શિક્ષક અભીયોગીતા :

(અ) શિક્ષકની ફિલસુફી :

કેળવણીના હેતુઓ (સામાજિક,વ્યક્તિગત,વિશિષ્ટ)

કેળવણીના સ્વરૂપો (ઓપચારિક, અનોપચારિક,અવૈધિક,નિરંતર,દૂરવર્તી)

શિક્ષણની વિચારધારાઓ (આદર્શવાદ,પ્રકૃતિકવાદ,વ્યવહારવાદ)

(બ) શૈક્ષણિક મનોવિજ્ઞાન : (૧) વૃદ્ધ અને વિકાસ (૨) તરુણાવસ્થા (૩) શૈક્ષણિક અને મનોવિજ્ઞાનની પદ્ધત્તિઓ (૪) વ્યક્તિગત ભીન્નત્તાઓ (૫) અધ્યન (૬) બુદ્ધિ (Multiple Intelligences) (૭) બચાવ પ્રયુક્તિઓ (૮) પ્રેરણા (૯) વિશિષ્ટ બાળકો (૧૦) વ્યક્તિત્વ (૧૧) રસ-મનોવલણ (૧૨) અભીયોગ્યતા

(ક) વર્ગ વ્યવહાર અને મૂલ્યાંકન : • વર્ગ વ્યવહાર • મૂલ્યાંકન (બ્લ્યુંમ સહીત) અને આકડાશાસ્ત્ર • શિક્ષણ અને ટેકનોલોજી • ક્રિયાત્મક સંશોધન

૩. તાર્કિક અભીયોગ્યતા **(Logical Reasoning)**

૪. ગુજરાતી ભાષાકીય પ્રાવીણય (લેખન,વાંચન,કથન,શ્રવણ કૌશલ્ય)

• વ્યાકરણ (જોડણી,વિરોધી,સમાનાર્થી, શબ્દ-સમૂહ માટે એક શબ્દ,વિરામચિહ્ન, અનેકાર્થી, પર્યાયી શબ્દો વગેરે) • સંક્ષેપલેખન • સારગ્રહણ • ભૂલશોધ • સુધારણા • શીર્ષક • સારાંશ

૫. અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી)

• સામાન્ય વ્યાકરણ • ભાષાંતર • સ્પેલિંગ • સુધારણા કરવી • શબ્દ રચના • ચિત્ર આધારિત પ્રશ્નો

www.marugujarat.in

# પ્રશ્નપત્ર-૨

**ખાસ વિષયને લગતી પરીક્ષા** **કુલ ગુણ – ૧૫૦**

(અ) વિષયવસ્તુ (માધ્યમિક શિક્ષકો માટે ધો. ૯-૧૦ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો માટે ધો. ૧૧-૧૨ ના ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ) ------------ ૮૦ માર્ક્સ

(બ) વિષયવસ્તુ આધારિત પદ્ધતિના પ્રશ્નો ------------------------- ૨૦ માર્ક્સ

www.marugujarat.in